# Economics Model Paper-4

For Our Daily Update Please Add this Number (9714212189) in Your Whatsapp Group OR send mail (spcfinfo@gmail.com).

**સ્થળ:**

શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન-રાજકોટ

ન્યુ માયાણી નગર, પાણીના ટાંકા સામે, માલવિયા નગર પોલીસ સ્ટેશનવાળી શેરી, મવડી મેઈન રોડ, રાજકોટ – 360 004

**વધુ માહિતી માટે સંપર્ક:**

**0281-2365099 / 0281-2970498/ 7405878428 / 8490983856**

# શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન-રાજકોટ

**UPSC-GPSC-IBPS-PSI પરીક્ષાઓમાં સફળતા પ્રાપ્ત કરતી સૌરાષ્ટ્રની એકમાત્ર સંસ્થા**

## ધો.12 પછી શું ???

**સ્પર્ધાત્મક પરિક્ષાઓની તૈયારી કરવાની સુવર્ણ તક...**

**ગુજરાત સરકારની ટુંક સમયમાં જાહેર થનાર કલાસ-૩ (રેવન્યુ તલાટી, હાઈકોર્ટ કલાર્ક)ની એડવાન્સ બેચનું આયોજન**

**રેગ્યુલર બેચ સોમ થી શુક્ર**

**ડેઈલી ટેસ્ટનું આયોજન**

**બેચ શરૂ તારીખ 10-4-2017**

વધુ માહીતી માટે સંપર્ક : **સરદાર પટેલ ભવન**

ન્યુ માયાણીનગર પાણીનાં ટાંકા સામે, માલવિયાનગર પોલીસ સ્ટેશનવાળી શેરી, મવડી મેઈન રોડ, રાજકોટ.

ફોન : 0281-2365099 / 74058 78428 /84909 83856

For Our Daily Update Please Add this Number (9714212189) in Your Whatsapp Group OR send mail (spcfinfo@gmail.com).

# ECONOMICS MODEL PEPAR-4

૧. માર્ચ-2013ના અંતે કેન્દ્ર સરકારે તેના જાહેર સાહસોમાં આશરે કેટલું રોકાણ કરેલું હતું?

(અ) રૂ. 8.51 લાખ કરોડ (બ) રૂ. 25.10 લાખ કરોડ

(ક) રૂ. 28.23 લાખ કરોડ (ડ) રૂ. 16.13 લાખ કરોડ

૨. 2012-13માં કેન્દ્રના કેટલાં જાહેર સાહસો નફો કરતા હતા?

(અ) 48 (બ) 149 (ક) 222 (ડ) 81

3. કેન્દ્ર સરકારના જાહેર સાહસોમાં સૌથી વધુ ખોટ કોણ કરે છે?

(અ) BSNL (બ) SAIL (ક) GAIL (ડ) MTNL

૪. કેન્દ્ર સરકારના જાહેર સાહસોમાં સૌથી વધુ નફો કોણ કરે છે?

(અ) ONGC (બ) BSNL (ક) GAIL (ડ) CIL

૫. માર્ચ-2009 સુધીમાં ભારત સરકારના કેટલાં સાહસો મુંબઈ શેરબજારમાં નોંધાયેલા હતા?

(અ) 92 (બ) 277 (ક) 149 (ડ) 41

૬. ભારત સરકારના જાહેર સાહસોમાં નવરત્ન કોને કહેવામાં આવે છે?

(અ) તે મિનીરત્ન-1 હોય

(બ) છેલ્લા પાંચ એમઓયુમાંથી 3 એમઓયુમાં તેનું રેટિંગ ઘણું સારું હોય

(ક) નક્કી કરાયેલા કામગીરીના માપદંડોમાં તે 60 કે તેથી વધુ ગુણ ધરાવનારી કંપની હોય

(ડ) ઉપરોક્ત તમામ

૭. ભારત સરકારના જાહેર સાહસોમાં મહારત્ન કોને કહેવામાં આવે છે?

(અ) તે નવરત્ન હોય

(બ) શેરબજારમાં સેબીની માર્ગરેખાઓ અનુસાર શેર ધરાવતી કંપની હોય

(ક) છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન તેનું વાર્ષિક કામકાજ રૂ. 25,000 કરોડ કરતા વધારે હોય

(ડ) ઉપરોક્ત તમામ

૮. ભારત સરકારના ક્યા સાહસો મહારત્ન છે?

(અ) IOC, ONGC, NTPC, SAIL

(બ) SAIL, GAIL, IOC

(ક) GAIL, ONGC, NTPc

(ડ) IDPL, HPC, ONGC, NTPc

**૯. ભારત સરકારના ક્યા સાહસને મહારત્ન તરીકે ઓળખવામાં આવે છે?**

(અ) જેની આંતરરાષ્ટ્રીય બજારમાં મહત્વની હાજરી હોય

(બ) છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન જેની સરેરાશ ચોખ્ખી વાર્ષિક સંપતિ રૂ. 15,000 કરોડ કરતા વધારે હોય

(ક) છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન જેની સરેરાશ ચોખ્ખી વાર્ષિક નફો રૂ. 5,000 કરોડ કરતા વધારે હોય

(ડ) ઉપરોક્ત તમામ

**૧૦. ભારત સરકારના જાહેર સાહસો માટે મહારત્ન યોજના ક્યારે દાખલ કરવામાં આવી?**

(અ) 2003-04 (બ) 2001-02 (ક) 2014-15 (ડ) 2010-11

**૧૧. ભારતમાં રાજ્ય સ્તરના જાહેર સાહસો કેવી રીતે અસ્તિત્વમાં આવ્યા છે?**

(અ) રાજ્યોની વિધાનસભાઓના કાયદા દ્વારા

(બ) કંપની ધારા-1956 હેઠળ જોઈન્ટ સ્ટોક કંપની તરીકે

(ક) સોસાયટીઝ એક્ટ-1912 હેઠળ સરકારી મંડળીઓ તરીકે

(ડ) ઉપરોક્ત તમામ

**૧૨. નીચેના વિધાનો વાચો:**

1. રાજ્ય સરકારના મોટા ભાગના સાહસો ખોટ કરે છે
2. 1991 પછી પણ રાજ્ય સ્તરના સાહસોમાં રાજ્ય સરકારોનું રોકાણ વધતું ગયું છે
3. રાજ્ય સ્તરના જાહેર સાહસોમાં મોટા ભાગના સાહસો ઉત્પાદન ક્ષેત્રના છે
4. કામદારોનું હિત સાચવવા માટે રાજ્ય સરકારોએ માંદા ખાનગી એકમો સરકાર હસ્તક કર્યો

ઉપરનામાંથી શું સાચું છે?

(અ) ફક્ત 4 (બ) ફક્ત 2 (ક) 1,2,3,4 (ડ) 2,3,4

**૧૩. ભારતમાં રાજ્ય સ્તરના જાહેર સાહસો ક્યા રાજ્યમાં સૌથી વધુ છે?**

(અ) પશ્ચિમ બંગાળ (બ) ગુજરાત (ક) બિહાર (ડ) કેરળ

**૧૪. જીડીપીમાં સેવા ક્ષેત્રના ફાળાના સંદર્ભમાં દુનિયામાં ભારતનો ક્રમ કેટલામો છે**

(અ) 2 (બ) 21 (ક) 15 (ડ) 10

**૧૫. 2013-14માં સેવા ક્ષેત્રનો ફાળો બાંધકામ ક્ષેત્ર સિવાય ભારતના GDPમાં કેટલો હતો?**

(અ) 59.9% (બ) 65.6% (ક) 47.7% (ડ) 60.9%

**૧૬. 2011-12માં સેવા ક્ષેત્રે ભારતમાં કેટલી રોજગારી ઉત્પન્ન થતી હતી?**

(અ) 48.9% (બ) 26.9% (ક) 59.9% (ડ) 58.5%

**૧૭. 2004-05થી 2013-14ના ગાળામાં સેવા ક્ષેત્રે થયેલા વિકાસમાં સૌથી મોટો ફાળો કઈ સેવાઓનો છે?**

(અ) વીમો, બેંકિંગ અને સંચાર (બ) પરિવહન, વ્યાપાર

(ક) ધંધાકીય સેવાઓ,વીમો (ડ) હોટેલ, બેન્કિગ અને સંચાર

**૧૮. 2010-૧૧થી 2013-14ના ગાળા દરમ્યાન સેવા ક્ષેત્રે કઈ સેવાઓમાં સ્થિરતા આવી અથવા ઉત્પાદનમાં ઘટાડો થયો?**

(અ) પરિવહન, વીમો (બ) વ્યાપાર, હોટેલ, સંગ્રહ

(ક) વીમો, બેન્કિંગ, હોટેલ (ડ) હોટેલ, વીમો, પરિવહન

**૧૯. ભારતમાં સેવા ક્ષેત્રમાં સૌથી વધુ વૃદ્ધિ દર 2012-13માં ક્યા ક્ષેત્રનો રહ્યો છે?**

(અ) વ્યાપાર, હોટેલ, રેસ્ટોરન્ટસ

(બ) પરિવહન, સંગ્રહ, સંચાર

(ક) બાંધકામ

(ડ) નાણા, વીમો

**૨૦. 2012-13માં સેવા ક્ષેત્રે સૌથી વધુ વૃદ્ધિ દર ક્યા રાજ્યમાં રહ્યો છે?**

(અ) બિહાર, ગોવા (બ) ગુજરાત, મહારાષ્ટ્ર

(ક) દિલ્હી, ચંડીગઢ (ડ) સિક્કિમ અને મધ્ય પ્રદેશ

**૨૧. 2012-13માં સેવા ક્ષેત્રમાં સૌથી વધુ ફાળો ક્યા રાજ્યોમાં આપ્યો છે?**

(અ) દિલ્હી, ચંડીગઢ (બ) ગુજરાત, પંજાબ

(ક) હરિયાણા, મહારાષ્ટ્ર (ડ) રાજસ્થાન, કેરળ

**૨૨. દુનિયાની સેવા ક્ષેત્રની નિકાસમાં ભારતનો ફાળો 2000માં અને 2013માં કેટલો હતો?**

(અ) 1.1% અને 3.3% (બ) 0.6% અને 1.1%

(ક) 0.9% અને 3.5% (ડ) 0.9% અને 6.4%

**૨૩. ભારતની સેવા ક્ષેત્રની નિકાસમાં સૌથી વધુ ફાળો કઈ સેવાઓ આપે છે?**

(અ) બેંકિંગ (બ) પ્રવાસ

(ક) સોફ્ટવેર (ડ) વીમો

**૨૪. ભારતમાં સેવા ક્ષેત્રે કયો મહત્વનો પ્રશ્ન વૃદ્ધિ માટે અવરોધરૂપ હોવાનું કહેવાય છે?**

1. સેવા ક્ષેત્ર માટે કેન્દ્ર સરકારમાં કોઈ એક વિભાગ કે નોડલ એજન્સી નથી
2. જાહેર એકમોમાં ખાનગીકરણની પ્રક્રિયા ધીમી છે
3. હળવા વ્યાજના દરે ધિરાણની સગવડ ઓછી છે
4. કરવેરાનું પ્રમાણ ખુબ નીચું છે

ઉપરનામાંથી શું સાચું છે?

(અ) 2,3,4 (બ) 1,2,3 (ક) 1,2,4 (ડ) 1,3,4

૨૫. નીચેના વિધાનો વાચો:

1. ભારતનું સેવા ક્ષેત્ર સીધા વિદેશી રોકાણ અને નિકાસમાં અગત્યની ભૂમિકા ભજવે છે
2. જે સેવાઓનો આંતરરાષ્ટ્રીય વ્યાપાર વધારે થાય છે તેમનો ભારતમાં ખુબ જ ઝડપથી વિકાસ થયો છે
3. ભારતના જીડીપીમાં સેવા ક્ષેત્રનો ફાળો 1950-51થી સતત વધતો ગયો છે
4. જીડીપીમાં સેવા ક્ષેત્રનો ફાળો ખેતી અને ઉદ્યોગોના સયુંકત ફાળા કરતા પણ વધારે છે

ઉપરનામાંથી શું સાચું છે?

(અ) 1,2,3 (બ) 2,3,4 (ક) 1,2,3,4 (ડ) 1,3,4

૨૬. 1991થી 2000ના ગાળા દરમ્યાન ભારતમાં થયેલા કુલ સીધા વિદેશી રોકાણમાં સેવા ક્ષેત્રનો ફાળો કેટલો હતો?

(અ) 23% (બ) 28% (ક) 52% (ડ) 73%

૨૭. ભારતમાં સેવા ક્ષેત્રે વર્ગીકરણમાં સેવાઓના મુખ્ય કેટલાં ભાગ પાડવામાં આવે છે?

(અ) 6 (બ) 8 (ક) 14 (ડ) 4

૨૮. ભારતમાં સેવા ક્ષેત્રમાં શાનો સમાવેશ કરવામાં આવે છે?

1. વ્યાપાર, હોટેલ, રેસ્ટોરન્ટસ
2. પરિવહન, સંગ્રહ, સંચાર
3. નાણા, વીમો, સ્થાવર મિલકત, ધંધાકીય સેવાઓ
4. સામુદાયિક, સામાજિક અને વ્યક્તિગત સેવાઓ

ઉપરનામાંથી શું સાચું છે?

(અ) 1,3,4 (બ) 1,2,3,4 (ક) 2,3,4 (ડ) 3,4

૨૯. દુનિયાના મોટા અને ઔદ્યોગિક દેશોમાં 2000-09 દરમ્યાન સેવા ક્ષેત્રનો સરેરાશ વાર્ષિક વૃદ્ધિ દર સૌથી વધારે ક્યા રહ્યો હતો?

(અ) અમેરિકા (બ) જાપાન (ક) ભારત (ડ) ચીન

30. સેવા ક્ષેત્રમાં ભારતના જીડીપીમાં સૌથી વધુ ફાળો કયું પેટા ક્ષેત્ર આપે છે?

(અ) રેલવે (બ) વ્યાપાર (ક) બાંધકામ (ડ) સંચાર

૩૧. ભારતના જીડીપીમાં સેવા ક્ષેત્રમાંનું કયું પેટા ક્ષેત્ર સૌથી ઓછો ફાળો આપે છે?

(અ) હોટેલ (બ) વ્યાપાર (ક) સંચાર (ડ) સંગ્રહ

૩૨. ભારતમાં કેટલાં ટકા શ્રમિકોને અસંગઠિત ક્ષેત્રે રોજગારી મળે છે?

(અ) 78 (બ) 89 (ક) 99 (ડ) 93

**૩૩. અસંગઠિત ક્ષેત્ર વધતું હોવાનું કારણ કયું છે?**

1. કરવેરા ટાળવાનું વલણ
2. અર્થતંત્રમાં સ્થિરતા
3. અસંગઠિત ક્ષેત્રમાં સરકારી નિયંત્રણોનો અભાવ
4. અસંગઠિત ક્ષેત્રે કૌશલ્યનો અભાવ

ઉપરનામાંથી શું સાચું છે?

(અ) 1,2,3,4 (બ) 1,2,3 (ક) 2,3,4 (ડ) 1,2,4

**૩૪. ભારતના અસંગઠિત ક્ષેત્રનું લક્ષણ કયું છે?**

1. પ્રવેશ અને વિદાય આસાન
2. સ્વાયતતા અને લવચીકતા
3. નાના પાયાની કામગીરી
4. સાહસની કૌટુંબિક માલિકી

ઉપરનામાંથી શું સાચું છે?

(અ) 1,2 (બ) 1,2,3,4 (ક) 3,4 (ડ) 2,4

**૩૫. ભારતના અસંગઠિત ક્ષેત્રનું લક્ષણ કયું છે?**

(અ) સ્પર્ધાત્મક અને અનિયંત્રિત બજાર (બ) અરક્ષિત શ્રમ બજાર

(ક) સરકાર તરફથી ટેકો અને માન્યતાનો અભાવ (ડ) ઉપરોકત તમામ

**૩૬. "બજાર અને ટેકનોલોજી દ્વારા અસંગઠિત ક્ષેત્ર સંગઠિત ક્ષેત્ર સાથે સંકળાયેલું છે" – એમ કોના અભ્યાસથી સાબિત થયું છે?**

(અ) જે.બ્રેમન (બ) ટી.એસ.પપોલા (ક) એ.એન.બોઝ (ડ) ઓ.સ્ટાર્ક

**૩૭. ક્યા કામદારો અસંગઠિત ક્ષેત્રના કામદારો કહેવાય છે?**

(અ) ઘરેલું કામદારો (બ) સ્વરોજગારપ્રાપ્ત કામદારો

(ક) છૂટક વેતન કમાનારા કામદારો (ડ) ઉપરોક્ત તમામ

**૩૮. કેન્દ્ર સરકારે અસંગઠિત કામદારોના કલ્યાણ માટે કઈ યોજનાનો અમલ અસંગઠિત કામદાર સામાજિક સલામતી ધારા હેઠળ કરવાનો છે?**

(અ) રાષ્ટ્રીય કુટુંબ લાભ યોજના (બ) જનની સુરક્ષા યોજના (ક) મુખ્ય કામદારને પેન્શન (ડ) ઉપરોક્ત તમામ

**૩૯. ભારત સરકારે ક્યારે મજૂર પંચની રચના કરી હતી?**

(અ) 1991, 1998, 2004 (બ) 1962, 1999, 2005

(ક) 1967, 1991, 2002 (ડ) 1952, 1983, 1998

**૪૦. અસંગઠિત કામદાર સામાજિક સલામતી ધારો કોની ભલામણથી ઘડાયો?**

(અ) તૃતીય મજૂર પંચ (બ) આયોજન પંચ (ક) બારમું નાણા પંચ (ડ) છઠ્ઠું પગાર પંચ

**૪૧. અસંગઠિત કામદાર સામાજિક સલામતી ધારો ક્યારે ઘડવામાં આવ્યો?**

(અ) 2008 (બ) 2009 (ક) 2010 (ડ) 2011

**૪૨. અસંગઠિત કામદાર સામાજિક સલામતી ધારા અન્વયે કેટલી યોજનાઓનો સમાવેશ કરાયો છે?**

(અ) 46 (બ) 25 (ક) 10 (ડ) 38

**૪૩. અસંગઠિત કામદાર સામાજિક સલામતી ધારા હેઠળ રાજ્ય સરકારે અસંગઠિત કામદારો માટે શાને અંગે યોજના ઘડવાની છે?**

(અ) પ્રોવિડન્ટ ફંડ (બ) રોજગાર, વીમા લાભ (ક) ગૃહનિર્માણ (ડ) ઉપરોક્ત તમામ

**૪૪. અસંગઠિત કામદાર સામાજિક સલામતી ધારા હેઠળકોની નોંધણી થાય છે?**

(અ) 14 વર્ષથી ઉપરની વયના કોઈપણ અસંગઠિત કામદાર

(બ) 18 વર્ષથી ઉપરની વયના કોઇપણ કામદાર

(ક) કારખાનાના કાયદા હેઠળ નોંધાયેલા ન હોય તેવા કારખાનામાં કામ કરતા કામદારો

(ડ) કોઈપણ ખેત મજૂર અને ફેરિયા

**૪૫.ભારતમાં અન્ય ગરીબ દેશોની તુલનાએ અસંગઠિત ક્ષેત્રમાં રોજગારીનું પ્રમાણ ઘણું વધારે ઊચું છે એમ 2011નો રોજગારી અંગેનો કોનો અહેવાલ જણાવે છે?**

(અ) IMF (બ) ILO (ક) WB (ડ) RBI

**૪૬. ભારતના GDPમાં અસંગઠિત ક્ષેત્રનો ફાળો 2007-08માં કેટલો હતો?**

(અ) 57.10% (બ) 42.9% (ક) 62.33% (ડ) 56.91%

**૪૭. રાજ્ય સરકારે અસંગઠિત કામદાર સામાજિક સલામતી ધારા-2008 હેઠળ અસંગઠિત મજુરોના કલ્યાણ માટે શાને માટે યોજનાઓ ઘડવાની છે?**

(અ) બાળકો માટે શિક્ષણ (બ) કામદારોની કૌશલ્ય વૃદ્ધિ (ક) વૃદ્ધાશ્રમ (ડ) ઉપરોક્ત તમામ

**૪૮. કેન્દ્ર સરકારે અસંગઠિત કામદારોના કલ્યાણ માટે કઈ કઈ યોજનાનો અમલ . અસંગઠિત કામદાર સામાજિક સલામતી ધારા હેઠળ કરવાનો છે?**

1. ઇન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્શન યોજના 2. જનશ્રી વીમા યોજના
3. આમ આદમી વીમા યોજના 4. રાષ્ટ્રીય સ્વાસ્થ વીમા યોજના

ઉપરનામાંથી શું સાચું છે?

(અ) 1,2,3,4 (બ) 1,2,3 (ક) 2,3,4 (ડ) 1,2,4

**૪૯. તૃતીય મજૂર પંચ(2002)એ અસંગઠિત ક્ષેત્રોનું કયું લક્ષણ જણાવ્યું હતું?**

(અ) મૂડીનું જોખમ ધંધાદારી પોતે ઉઠાવે છે. (બ) પરિવારના સભ્યો શ્રમનો પુરવઠો પૂરો પડે છે.

(ક) સ્થાનિક સંસાધનો અને ટેકનોલોજીનો ઉપયોગ થાય છે. (ડ) ઉપરોક્ત તમામ

**૫૦. અસંગઠિત ક્ષેત્રના કામદારોમાં કોનો સમાવેશ થાય છે?**

(અ) રીક્ષા ચલાવનારા (બ) લારી-ગલ્લાવાળા

(ક) ફેરિયા (ડ) ઉપરોક્ત તમામ



શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન-રાજકોટ
UPSC-GPSC-IBPS-PSI પરીક્ષાઓમાં સફળતા પ્રાપ્ત કરતી સૌરાષ્ટ્રની એકમાત્ર સંસ્થા
ધો.12 પછી શું ???
સ્પર્ધાત્મક પરિક્ષાઓની તૈયારી કરવાની સુવર્ણ તક...
ગુજરાત સરકારની ટુંક સમયમાં જાહેર થનાર કલાસ-3
(રેવન્યુ તલાટી, હાઈકોર્ટ કલાર્ક)ની એડવાન્સ બેચનું આયોજન
રેગ્યુલર બેચ
સોમ થી શુક્ર
ડેઈલી ટેસ્ટનું આયોજન
બેચ શરૂ તારીખ
10-4-2017
વધુ માહીતી માટે સંપર્ક : સરદાર પટેલ ભવન
ન્યુ માયાણીનગર પાણીનાં ટાંકા સામે, માલવિયાનગર પોલીસ સ્ટેશનવાળી શેરી, મવડી મેઈન રોડ, રાજકોટ.
ફોન : 0281-2365099 / 74058 78428 /84909 83856

શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન -રાજકોટ

## Answer Key Economics Model Paper-4

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | અ | 11 | ડ | 21 | અ | 31 | ડ | 41 | અ |
| 2 | બ | 12 | ક | 22 | અ | 32 | ડ | 42 | ક |
| 3 | અ | 13 | ડ | 23 | ક | 33 | બ | 43 | ડ |
| 4 | અ | 14 | ડ | 24 | બ | 34 | બ | 44 | અ |
| 5 | ડ | 15 | અ | 25 | ક | 35 | ડ | 45 | બ |
| 6 | ડ | 16 | બ | 26 | અ | 36 | બ | 46 | અ |
| 7 | ડ | 17 | અ | 27 | ડ | 37 | ડ | 47 | ડ |
| 8 | અ | 18 | બ | 28 | બ | 38 | ડ | 48 | અ |
| 9 | ડ | 19 | અ | 29 | ક | 39 | ક | 49 | ડ |
| 10 | ડ | 20 | અ | 30 | બ | 40 | અ | 50 | ડ |

For Our Daily Update Please Add this Number (9714212189) in Your Whatsapp Group OR send mail (spcfinfo@gmail.com).

**BEST OF LUCK...........**

તમારા સપનાઓ.......

અમારું માર્ગદર્શન......

જરૂર લાવશે એક પરિણામ......